ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૩ ડીગ્રી
લઘુતમ : ૩૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૪ ટકા

# પાટનગરમાં પુનઃ ટ્રાફીક અવેરનેસ ઝુંબેશ શરૂ થશે

**ટ્રાફીક પોલીસ ટ્રાફીક અવેરનેસ ઝુંબેશ શરૂ કરીને રૂલ્સ તોડતા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરશે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં ટ્રાફીકની સમસ્યા વધી રહી છે. તેની સાથોસાથ ટ્રાફીક અવેરનેસના અભાવે માર્ગ અકસ્માતોનું અને અકસ્માતમાં મૃત્યુનું પ્રમાણ પણ વધ્યુ છે. આ બાબતને ગંભીરતાથી લઈને અગાઉ એક્સીડેન્ટ ઝોનના સર્વે કરાવીને રોડ, કટ, સર્કલ અને બમ્પના સુધારા પણ પોલીસ દ્વારા તંત્રને સુચવવામાં આવ્યા હતા. તે ઉપરાંત વાહનચાલકોએ હેલ્મેટ, સીટબેલ્ટ સહીતના બેઝીક ટ્રાફીક રૂલ્સ પળાવવા માટે અવેરનેસ ઝુંબેશ પણ હાથ ધરી હતી. આવી જ ઝુંબેશ પાટનગરમાં પુનઃ શરૂ કરવામાં આવશે.

શહેર તથા આસપાસના વિસ્તારોમાં ટ્રાફીકની સમસ્યા શિરદર્દ સમાન બનતી જઈ રહી છે. તેમાં પણ ટ્રાફીક સેન્સના અભાવે માર્ગ અકસ્માતો પણ વધ્યા છે અને ટ્રાફીક રૂલ્સના ભંગ કરવાના કારણોસર આવા અકસ્માતોમાં મૃત્યુના કિસ્સાઓ વધ્યા છે. ટ્રાફીક અવેરનેસ આ સમસ્યાનો ઉપાય છે. જે અનુસંધાને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ટ્રાફીક પીઆઈ બી.જે. વ્યાસ આગામી દિવસોમાં ટ્રાફીક અવેરનેસ કેમ્પીયન કરીને અવેરનેસ ઝુંબેશ શરૂ કરવાના છે. તે ઉપરાંત હેલ્મેટ, સીટબેલ્ટ અને ઓવર સ્પીડ તથા ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા વાહનચાલકોને પકડી તેમની સામે દંડનીય કાર્યવાહી કરવા ડ્રાઈવનુ આયોજન પણ કરવાના હોવાનુ જાણવા મળ્યુ છે. બંદોબસ્તની સ્થિતિ હળવી થાય ત્યાર બાદ આ ઝુંબેશની અમલી બનાવવાની વિચારણા ચાલી રહી છે.

# ધોળાકુવામાં પાણી માટે ગ્રામજનોનો પોકાર

**પાણીના સ્ટેન્ડ ખાતે મોડીરાતથી નાગરીકો માટલા તેમજ વાસણો ગોઠવી દે છે : પાણી ઓછુ આવતુ હોવાથી પાણી માટે તુ-તુ-મે-મેના દ્રશ્યો પણ સર્જાય છે**



ગાંધીનગર, તા.૩

ઉનાળાની સિઝનમાં જ ગાંધીનગરના પ્રવેશદ્વારે આવેલ ધોળાકુવા ગામમાં સ્થિત રામનગર વસાહતમાં પાણી માટે પોંકાર ઉઠવા પામ્યા છે. ૩૦૦ થી વધુ શ્રમજીવી પરિવારોને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે. વસાહતમાં રાખવામાં આવેલ પાણીના સ્ટેન્ડમાં માત્ર ગણતરીની મિનીટો પાણી આવે છે. ત્યારબાદ પાણી માટે ગ્રામજનોને રાહ જોવી પડે છે છતા પાણી આવતું નથી ત્યારે રામનગરના મેઘવાલ પરિવારોને પાણી માટે ગ્રામજનોના ઘરે ફરવુ પડે છે અને જ્યાંથી પાણી મળે ત્યાંથી ભરી લાવે છે. ક્યારેક પાણી માટે ઝઘડાના દ્રશ્યો પણ સર્જાય છે. ધોળાકુવાના રામનગરમાં રહેતા પરિવારો પાણી વિના ટળવળે છે ત્યારે ગ્રામજનો પાણી કયારે તેની કાગડોળે રાહ જોઈને બેઠા છે. ઉનાળાની અંગ દઝાડતી ગરમી પડી રહી છે. આકાશમાંથી અગનગોળા વરસતા નગરનું જનજીવન પ્રભાવિત બની ગયું છે. નાગરીકો ગરમીથી બચવા એસી, કુલર તેમજ પંખા નીચે બેસી સમય પસાર કરે છે. ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ગુજરાત રાજયના પાટનગરમાં સમાવેશ થયેલા ગામોમાં જ પાણીના પોંકાર ઉઠ્યા છે. બોરીજ, આદિવાડા, ઈન્દ્રોડા, ફતેપુરા, પાલજ, બાસણ સહિત ધોળાકુવામાં પાણીની સમસ્યા નાગરીકોને સતાવી રહી છે. ત્યારે ધોળાકુવા ખાતે સ્થિત રામનગર વસાહતમાં ૩૦૦ જેટલા મેઘવાલ પરિવાર વસવાટ કરે છે. આ શ્રમિક પરિવારો માટે તંત્ર દ્વારા પાણીના સ્ટેન્ડ મુકવામાં આવ્યા છે. પરંતુ પાણીના સ્ટેન્ડમાં કયારે પાણી આવે છે તેમજ કયારે બંધ થશે તે કોઈ વસાહતી કંઈ શકતા નથી. જયારે પાણીના સ્ટેન્ડ ખાતે મોડીરાતથી નાગરીકો માટલા તેમજ વાસણો ગોઠવી દે છે.જયારે પાણી ઓછુ આવતુ હોવાથી પાણી માટે તુ-તુ-મે-મેના દ્રશ્યો પણ સર્જાય છે. જયારે રામનગર વિસ્તારએ ઉંચી-નીચી જમીન પર આવેલ હોવાથી પાણીની સમસ્યા સતાવે છે. પાટનગરના આંગણે આવેલા ધોળાકુવા ગામમાં પાણી માટે આવી પરિસ્થિતિ છે તો રાજયના છેવાડાના ગામોમાં શું હાલત હશે તે વિચાર માત્રથી ધ્રુજારી આવી જાય છે. ત્યારે ધોળાકુવા ગામના રહીશો પાણીની સમસ્યા સત્વરે હલ થાય તેની કાગડોળે રાહ જોઈને બેઠા છે.

## @ગાંધીનગર

● પંચદેવ મંદિર સેક્ટર-૨૨ ખાતે મંદિરના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે કેરી મહોત્સવ સાંજે ૫ થી ૯ દરમિયાન યોજાશે

● ઘ-૪ સર્કલ ખાતે સવારે ૭-૩૦થી ૯-૩૦ દરમિયાન પુસ્તક પરબ યોજાશે

## વાતવાતમાં

● રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ પટેલના જન્મદિન નિમિત્તે યોજાયેલ પ્રાર્થના સભામાં કોંગ્રેસ-ભાજપના આગેવાનો જોડાયા હતા.

● જિલ્લા કલેક્ટર સતીષ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આજે દહેગામ તાલુકામાં ગ્રામસભામાં હાજરી આપી હતી.

● ગાંધીનગર શહેરમાં ગરમીને પગલે બપોરના સમયે રસ્તાઓ સુમસામ થઈ ગયા હતા. જો કે પર્યાવરણ દિવસની ઉજવણીને લઈ જાહેરમાં મુકાયેલ કચરા પેટીઓનું રંગરોગાન કરવાની કામગીરી કરતા કારીગરોએ કચેરીઓના કર્મચારીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

● સે.૨૨ સહિત જુના સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધવા પામી છે.

● સે. ૨૨ના રંગમંચને તોડવાની કામગીરીને પગલે હાલ ત્યાં ગંદકીનું પ્રમાણ વધ્યુ છે.

## આજે ગુજરાત રેડક્રોસ ભવનનું લોકાર્પણ

અમદાવાદ, તા.૩

મુખ્યમંત્રી વિજય રૂપાણી આવતીકાલ રવિવાર તા. ૪ જુન-૨૦૧૭ના સવારે ૧૦ કલાકે અમદાવાદમાં નવનિર્મિત રેડક્રોસ ભવનનો લોકાર્પણ કરશે. રાજયપાલ ઓપી કોહલીની પ્રેરક ઉપસ્થિતિમાં જુના વાડજ આશ્રમ રોડ ખાતે યોજનારા આ લોકાર્પણ સમારોહ સાથે ૧૫ મોબાઈલ બ્લડ કલેકશન વેન પણ ગુજરાતની વિવિધ રેડક્રોસ બ્લડ બેન્કસને અર્પણ કરાશે. આરોગ્ય રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી, તંતી ફાઉન્ડેશનના તુલસીભાઈ તંતી તેમજ ભારત સરકારના સંયુક્ત સચિવ મનોજ જાસાની, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના વાઈસ ચેરમેન અવિનાશ ખન્ના અને સાંસદ ડૉ. કિરિટ સોલંકી આ અવસરે વિશેષ અતિથી તરીકે ઉપસ્થિત રહેવાના છે.

# શાળા ખુલતા પહેલા નગરના બજારોમાં વિદ્યાર્થી-વાલીઓની ખરીદી માટે ભારે ભીડ

ગાંધીનગર, તા.૩

ઉનાળુ વેકેશન અંતિમ ચરણમાં ચાલી રહ્યું છે. આગામી સપ્તાહથી શાળાઓ ખુલતા નગરના જનજીવનમાં અનેરો માહોલ જોવા મળશે. જયારે હાલના સમયે નગરના બજારોમાં બાળકોની ચીજવસ્તુઓની ખરીદી માટે બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. સેકટર-૨૧ સ્થિત રેડીમેડ સ્કુલ ડ્રેસ અને સ્ટેશનરી રાખતા વેપારીઓની દુકાનો ગ્રાહકોથી ઉભરાઈ રહી છે. ઉનાળાના વેકેશનને પગલે શાંત રહેલા બજારમાં વિદ્યાર્થી-વાલીઓની વિવિધ ખરીદીને કારણે માર્કેટમાં પણ તેજી જોવા મળી રહી છે. અત્યાર સુધી શહેરની શાળાઓમાંથી વિદ્યાર્થીઓને સ્કુલ ડ્રેસ, બુટ, અભ્યાસને લગતા પુસ્તકો, સ્ટેશનરી સહિતની સામગ્રી આપવામાં આવતી હતી પરંતુ તાજેતરમાં તંત્ર એ શાળા સંચાલકો સામે લાલ આંખ કરતા શાળાઓએ વાણીજય પ્રવૃતિ બંધ કરવાની ફરજ પડી છે. જેને પગલે વાલીઓની જવાબદારી વધી જવા પામી છે જેથી વાલીઓ તેમજ બાળકો શહેરના બજારોમાં આવેલ દુકાનોમાં ચીજવસ્તુઓ ખરીદવા માટે આંટાફેરા મારી રહ્યા છે.

ગાંધીનગર શહેર પહેલા કર્મચારીઓની નગરી કહેવાતી હતી, પરંતુ શહેરમાં અનેક નેશનલ યુનિવર્સિટી અને શાળા-કોલેજો નિર્માણ થતા નગરમાં વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ જોવા મળી રહી છે. જેને પગલે વિધાનસભાના નામથી ઓળખાતુ નગર આજે વિદ્યાધામ બની ગયું છે. શૈક્ષણિક નગરી ગાંધીનગરમાં લાખો વિદ્યાર્થીઓ સમગ્ર ગુજરાતમાંથી અભ્યાસ માટે આવે છે. ત્યારે શહેરની શાળાઓમાં જ વિદ્યાર્થીઓને પુસ્તકો, સ્કુલ ડ્રેસ, બુટ, સહિત સ્ટેશનરી પુરી પાડવામાં આવતી હતી. જેથી સંચાલકો વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી મોં માગ્યા રૂપીયા ખંખેરતા હતા. પરંતુ શાળાઓમાં ચાલતી આ વાણીજય પ્રવૃતિ અંગે તાજેતરમાં રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા લાલ આંખ કરવામાં આવતા સંચાલકોએ આ પ્રવૃતિ બંધ કરી દીધી છે. જેથી ઉનાળાના વેકેશનની મોજ માણ્યા બાદ વિદ્યાર્થીઓ પોતાના ઘરે પરત ફર્યા છે. તેમજ આગામી સપ્તાહમાં શાળાઓ ખુલે છે. વિદ્યાર્થીઓના અભ્યાસકીય વર્ષનો આરંભ થવા જઈ રહ્યો છે. ત્યારે પોતાના વ્હાલસોયા બાળકની સ્કુલનો ડ્રેસ, પુસ્તકો, બુટ, વોટરબેગ, કંપાસ, સ્કુલ બેગ, સહિત જરુરી સ્ટેશનરીનો સામાન ખરીદી માટે વાલીઓએ બજારમાં ભારે ભીડ જમાવી છે. શહેરના સેકટર-૨૧, ૨૨, ૨૪, ૭, સહિતના માર્કેટરમાં વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ આંટાફેરા મારીને પોતાની ચીજવસ્તુઓની ખરીદીમાં મશગુલ બન્યા છે.



**વૃક્ષોના ઉછેર અને જતનનો અનોખો ભેખ**

ચિલોડાથી ગાંધીનગર માર્ગ વચ્ચેના ડિવાઈડર ઉપર વૃક્ષોનું વાવેતર તથા તેના જતનનો ભેખ ચિલોડાના ઓમ એજ્યુકેશન કેમ્પસે લીધો છે. આ ડિવાઈડર ઉપર નિયમિત વૃક્ષોને પાણી આપવુ તથા વૃક્ષનો સંપુર્ણ ઉછેર થાય ત્યાં સુધી તેને જાળીની આડશ આપી રક્ષણ કરી તેની માવજત આ કેમ્પસના સેવાભાવી વહીવટકર્તાઓ દ્વારા નિરંતર થાય છે. આલમપુર પાટીયા સુધીના પટ્ટાને જાણે કે દત્તક લઈ વૃક્ષો થકી હરીયાળા બનાવવાના પર્યાવરણ પ્રેમી એવા ગિરીશ રાવલ કોલેજ ઓફ સાયન્સ તથા અન્ય સંસ્થાઓ સતત કાર્યશીલ રહે છે. વર્ષો વર્ષ સુધી નિરંતર દેખભાળ રાખી આવા ઉમદા કાર્યને વેગવંતુ રાખવા બદલ આ સંસ્થાને ચિલોડા તથા અન્ય સેવાભાવી સંસ્થાઓએ બિરદાવી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**હિમાંશુ ભચેચ**
**નાટ્યકાર**

**એકતા એ પટેલ**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર મારી કર્મભૂમિ છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

**નગરજનો**

મારે શું અને મારું શું એવી વિચારધારા ધરાવતા સરકારી નોકરીયાત લોકો અને સેવાભાવીઓ પણ આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, કડી સર્વ વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવાવિકાસના નક્કર કાર્યક્રમોની જરૂરિયાત અનુભવી રહ્યો છું.

**નગર માટે હું કરી શકું**

સેવા અને યુવા વિકાસના કાર્યક્રમો માટે મારી સઘળી સહાય શહેરને પૂરી પાડવા માટે હું સદાય તત્પર છું.



**ડીપ્લોમાં એન્જીનીયરીંગ પ્રવેશ માહિતી અંગેનો સેમિનાર**

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનીક, સે. ૨૨, ગાંધીનગર દ્વારા ધો. ૧૦ પછી ડીપ્લોમાં એન્જીનીયરીંગના ઓનલાઈન પ્રવેશની માહિતી તેમજ ધો. ૧૦ પછી ડીપ્લોમાં તે અંગે વાલી-વિદ્યાર્થીઓની મુંઝવણની માર્ગદર્શન આપતા સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતુ. આ સેમીનારમાં પ્રો. એન.એમ. ભાવસાર, પૂર્વ અધિકારી, એડમીશન કમીટી સર્વે પ્રશ્નોના જવાબ આપી વિદ્યાર્થીઓની મુંઝવણ દૂર કરી હતી.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક ૫ મી જુને

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહરે જાગૃત નાગરિક પરિષદની પ્રત્યેક માસની પહેલી તારીખ પછીના સોમવારે મળતી માસિક બેઠક પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને તા. ૫ મી જુના સોમવારે સાંજના પાંચ કલાકે સેક્ટર-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. તો સંસ્થાના સભ્યો, પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોને ઉપસ્થિત રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

## શહેરમાં આવતીકાલે કેરીયર ગાઈડન્સ સેમીનાર યોજાશે

ગાંધીનગર, તા.૩

યુનિટી ઓફ ગાંધીનગર દ્વારા ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે કેરીયર ગાઈડન્સ સેમીનારનું આયોજન આગામી તા. ૧૧ જુનને સોમવારના રોજ સાંજે ૪ થી ૯ કલાક દરમિયાન સેકટર-૧૨ ડો.બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે કરવામાં આવેલ છે. આ સેમીનારમાં વિદ્યાર્થીઓને એસએસસી અને એચએસસી બાદ કયું ફિલ્ડ પસંદ કરવુ તે અંગે માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે. યુનિટી ઓફ ગાંધીનગર સંસ્થા દ્વારા ધોરણ-૧૦, ધોરણ-૧૨ તેમજ ગ્રેજ્યુએશન બાદ કયું ફિલ્ડ પસંદ કરવું તેમજ સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી અંગે યોગ્ય માર્ગદર્શન વિદ્યાર્થીઓને પુરુ પાડવા માટે વિવિધ યુનિવર્સિટી, કોલેજ, તથા પ્રાઈવેટ ઈન્સ્ટટયુટના તજજ્ઞો દ્વારા પ્રેજન્ટેશન પુરુ પાડવામાં આવશે. તેમજ આંબેડકર હોલ ખાતે બહારની બાજુએ સ્ટોલ ઉભા કરવામાં આવશે. આ સ્ટોલ પરથી પણ વિદ્યાર્થીઓને યોગ્ય માહિતી મળી રહેશે. કેરીયર ગાઈડન્સ સેમીનારનો લાભ લેવા માટે શહેરના સૌ વિદ્યાર્થીઓને યુનિટી ઓફ ગાંધીનગર દ્વારા અનુરોધ કરાયો છે.

## વિશ્વ પર્યાવરણ દિને કવિ સંમેલન અને ગ્રંથ વિમોચન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩

૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરુપે વનવિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા સંવેદનને સથવારે...વનાવરણથી રક્ષીએ પર્યાવરણ તેમજ કવિ સંમેલન સહિત કવિ નટવર હેડાઉ ''વન વિહારી'' ના બે ગ્રંથો પ્રકૃતિના પ્રહરી અને ગુજરાતના જોવા લાયક પ્રકૃતિધામો નું લોકાર્પણ તા.૫મી જુનના રોજ કોન્ફરન્સ હોલ, તાલિમ અને સંશોધન ભવન ટીઆરસી, હોસ્ટેલ, અક્ષરધામ સામે, જ રોડ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. જેમાં શહેરના સૌ પ્રકૃતિ પ્રેમીઓ તેમજ સાહિત્યપ્રેમીઓને ઉપસ્થિત રહીને પ્રકૃતિ કાવ્યોની રસલ્હાણ માણવા અનુરોધ કરાયો છે. આ કવિ સંમેલનમાં રાજેશ વ્યાસ મિસ્કીન, માધવ રામાનુજ, કનૈયાલાલ ભટ્ટ, દિનેશ દેસાઈ, રમેશ ઠક્કર, લતા હીરાણી, નટવર હેડાઉ, અનિલ ચાવડા, કિશોર જીકાદરા, ભરત કવિ ઉર્મિલ, તેજસ દવે, હરિવદન ભટ્ટ, શૈલેષ પંડયા ભીનાશ, ડો. મુકેશ જોષી, ડો. જગદીશ પ્રસાદ ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રતાપસિંહ ડાભી દ્વારા કરવામાંઆવશે. આ પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભાના સૌ સભ્યોને હાજર રહેવા સાહિત્ય સભાના પ્રમુખ અને નાયબ વન સંરક્ષક દ્વારા અનુરોધ કરાયો છે. જયારે કાર્યક્રમને અંતે સુરૂચિ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# શહેરમાં અથાણા કેરીઓ ખરીદવા ધસારો

**કાપેલી તૈયાર કેરીઓની માંગ સૌથી વધુ, કેરીમાંથી નીકળતી ગોટલીનું પણ બમણાં ભાવે વેચાણ**





ગાંધીનગર, તા. ૩

ઉનાળાની આકરી ગરમી દરમ્યાન શહેરની ગૃહીણીઓ હાલ અથાણા, છુંદા બનાવવાની વેતરણમાં પડી છે. શહેરના માર્કેટમાં કાપેલી તૈયાર કેરીઓ ગૃહીણીઓની પ્રથમ પસંદ બની છે. જેમાં કેરીઓના વેપારીઓ અથાણા માટે ટુકડા સ્વરૂપે કેરી વેચાણ કરે છે તેમજ છુંદા માટે પણ છીણ પાડીને આપે છે. જેથી નોકરી કે વ્યવસાય કરતી ગૃહીણીઓને સમય ન હોવાથી બાર માસનું અથાણુ અને છુંદો હાથવેંતનું થઈ જાય છે. વધુમાં કેરીમાંથી નીકળતી ગોટલીની પણ એટલી જ માંગ રહે છે અને આ ગોટલી કેરી કરતાં બમણાં ભાવે વેચાણ થઈ રહી છે.

ચોમાસુ દસ્તક દઈ રહ્યુ છે ત્યારે આકરા તાપ થકી તૈયાર થતાં અથાણા છુંદાની માંગમાં એકાએક ઉછાળો આવ્યો છે. ઘરે અથાણાં, છુંદા અને કટકી માટે કરવી પડતી મહેનતને હવે બજારમાં કાપેલી તૈયાર કેરી થકી જાકારો અપાયો છે. હાલ શહેરના સેકટર-૨૧ અને ૨૪ના માર્કેટમાં મોટા પાયે અથાણા, છુંદા અને કટકીની કામગીરી થઈ રહી છે. નવસારી જિલ્લામાંથી આવતી રાજાપૂરી કેરીને વધુ પસંદ કરાય છે. શહેરની ગૃહીણીઓ કેરી ખરીદીને ત્યાં જ અથાણા, છુંદા અને કટકી માટે કટીંગ કરાવી લે છે તેમજ બજારમાં મળતા તૈયાર મસાલા ઘરે ભેળવી દઈ એક-બે દિવસ તાપમાં રહેવા દઈ બારમાસના અથાણા, છુંદા અને કટકીનો સ્ટોક કરી નાખે છે.

ખાસ કરીને શહેરની ગૃહીણીઓ કે જે નોકરી, વ્યવસાય સાથે સંકળાયેલી છે તેમને આ પદ્ધતિ વધુ અનુકુળ બની છે. રૂ. ૪૦ના કિલોના ભાવે મળતી કેરીને રૂ. ૫ આપી કટીંગ કરાવી લઈ કામગીરીને સરળ બનાવી રહી છે અને ટીફીન લઈ જતાં લોકો આ અથાણા, છુંદા અને કટકીનો બારેમાસ જમવા સાથે ઉપયોગ કરે છે. વધુમાં કેરીમાંથી નીકળતી ગોટલીઓ પણ રૂ. ૮૦ના ભાવે વેચાણ થાય છે જેની પણ માંગ વધુ છે. જો કે શહેરભરમાં હાલ અથાણા, છુંદા માટે ઘેર ઘેર ગૃહીણીઓ કામ કરી રહી છે અને તે માટે માર્કેટમાં ગૃહીણીઓનો ધસારો નોંધપાત્ર જોવા મળી રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. જતીનભાઈ પ્રતાપભાઈ રાજપૂત, ઉ.વ.૩૧
- સ્વ. વાળંદ નટવરભાઈ બબાભાઈ, ઉ.વ.૭૦
- સ્વ. પુષ્પાબેન ચીમનલાલ પટેલ, ઉ.વ.૭૩
- સ્વ. સોમીબેન શનાજી વાલ્મીકી, ઉ.વ.૭૨
- સ્વ. પૂજાબેન અતુલકુમાર બક્ષી, ઉ.વ.૨૯